ગુજરાત સમાચાર, ગાંધીનગર આવૃત્તિ

પાના નંબર :- ૦૨

તારીખ :- ૨૯/૧૧/૨૫

## પાટનગર ગાંધીનગરને મળશે નવી કનેક્ટિવિટી

# કોબા સર્કલથી પીડીપીયુ સુધી મેટ્રોને સમાંતર ૮૦ મીટરનો નવો આઈકોનિક રોડ બનશે

ગાંધીનગર,શુક્રવાર

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ નવા વિસ્તારના પીડીપીયુ રોડ ઉપર આવેલા પંચેશ્વર સર્કલથી કોબા સર્કલ સુધીના મેટ્રોને સમાંતર ૮૦ મીટરના રોડ ડેવલપમેન્ટ માટે મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલી ટેન્ડર પ્રક્રિયામાં ૪.૭૦ ટકા ઉંચુ ૧૫૬ કરોડ રૂપિયાનું ટેન્ડર આવ્યું છે ત્યારે આવતીકાલે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં નિર્ણય લેવામાં આવશે. આ ટેન્ડર મંજૂર થશે તો કોબા સર્કલથી ગાંધીનગરને નવી કનેક્ટિવિટી મળશે.

## અંદાજ કરતા ૪.૭૦ ટકા ઊંચા આવેલા ૧૫૬ કરોડના ટેન્ડર અંગે કોર્પોરેશનની સ્થાયી સમિતિમાં નિર્ણય લેવાશે

ગાંધીનગર શહેરની બહાર નવું ગાંધીનગર આકાર પામી રહ્યું છે ત્યારે અહીં પણ ગાંધીનગર શહેરની જેમ પહોળા રસ્તા અને નાગરિકોને ગાંધીનગર જેવી સુવિધા મળી રહે તે માટે કોર્પોરેશન દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી રહી છે ત્યારે ઘણા લાંબા સમયની રજૂઆત બાદ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પીડીપીયુ રોડ પર આવેલા પંચેશ્વર સર્કલથી લઈને કોબા સર્કલ સુધી મેટ્રો રેલને સમાંતર ૮૦ મીટર પહોળો રોડ બનાવવાની કામગીરી માટે અંદાજિત રૂ. ૧૪૯ કરોડનું બજેટ નક્કી કરવામાં આવ્યું હતું. જોકે, ટેન્ડર પ્રક્રિયાના અંતે અંદાજ કરતાં ૪.૭૦ ટકા ઊંચા ભાવનું એટલે કે રૂ. ૧૫૬ કરોડનું ટેન્ડર આવ્યું છે. આ ઊંચા ભાવના ટેન્ડરને મંજૂરી આપવા માટે આવતીકાલે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં દરખાસ્ત રજૂ કરવામાં આવશે. આ રોડ મેટ્રો રેલને સમાંતર બનશે, જેનાથી કોબા સર્કલથી સીધો ધોળાકુવા સુધીનો નવો અને સરળ રસ્તો વાહનચાલકોને મળશે. હાલમાં ગાંધીનગર-કોબા હાઈવે પર જે ટ્રાફિકનું ભારણ રહે છે, તે આ વૈકલ્પિક ૮૦ મીટરના પહોળા રોડના કારણે નોંધપાત્ર રીતે ઘટશે. આ વિસ્તારમાં વિકાસ કરી રહેલા બિલ્ડરો દ્વારા આ રોડ બનાવવા માટે અગાઉ રજૂઆતો કરવામાં આવી હતી. જો સ્થાયી સમિતિ દ્વારા આવતીકાલે આ એનસીસી ઈન્ફ્રા સ્પેસ પ્રાઈવેટ લિમિટેડના ૧૫૬ કરોડના ટેન્ડરને લીલી ઝંડી આપવામાં આવશે, તો ગાંધીનગરવાસીઓને ટૂંક સમયમાં જ ધોળાકુવાથી પંચેશ્વર અને કોબા સુધીની નવી કનેક્ટિવિટી મળશે.